## જન્મદિને વધામણી



પ્રો. ડો. હસમુખ જી દેસાઈ
ગૂજરાત વિદ્યાપીઠ
મો. ૯૪૨૮૪ ૨૦૯૩૩

# શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખેલ મહાકુંભની સ્પર્ધાઓમાં વિજેતા

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા દર વર્ષે ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ખેલ મહાકુંભમાં શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ વિવિધ સાંઘિક રમતોમાં ગાંધીનગર મહાનગરપાલિકા કક્ષાએ ચેમ્પિયન થઈ છે. કૉલેજે કબડ્ડી, રસ્સાખેંચ અને ફૂટબોલમાં આ ચેમ્પિયનશીપ મેળવી છે. ઉપરાંત ખો-ખોમાં રનર્સ અપ અને વૉલીબૉલમાં સૅકન્ડ રનર્સ અપ સ્થાન મેળવીને કૉલેજનો વિદ્યાર્થીનીઓએ ગૌરવ અપાવ્યું છે. જિલ્લામાં ચૅમ્પિયન બનેલી કૉલેજની ટીમ હવે રાજ્યમાં વિવિધ રમતોમાં ભાગ લેવા જઈ રહી છે. કૉલેજનું નામ ઉજાળનાર આ સર્વ ખેલાડી બહેનોને શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ, ટ્રસ્ટીગળ, કૉલેજનાં આચાર્ય અને કૉલેજ પરિવાર તરફથી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# ખેલ મહાકુંભ ટેબલ-ટેનિસમાં હરેશ રાઠોડ-કમલેશ શાહ વિજેતા



ખેલ મહાકુંભ અંતર્ગત ટેબલ ટેનિસ સ્પર્ધા (અબોવ-૪૦) તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાઈ હતી, જેમાં ગાંધીનગર શહેર વિભાગમાં હરેશ રાઠોડ અને ગાંધીનગર ગ્રામ વિભાગમાં કમલેશ શાહ ચૅમ્પિયન બન્યા હતા. બંને ખેલાડીઓને ગાંધીનગરના ખેલપ્રેમીઓ તરફથી અભિનંદનો પ્રાપ્ત થઈ રહ્યા છે. પ્રસ્તુત તસવીર કમલેશ શાહની છે, જ્યારે તેઓ ફાઈનલ મેચ રમી રહ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

હજારો મોટા ઈરાદાઓ કરતાં
એક નાનો નિર્ણય
વધુ બહેતર છે.

# આર એન પટેલ શાળાના વિદ્યાર્થીઓ એક દિવસીય પ્રવાસમાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૩

શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર સરોવર નર્મદા પ્રોજેક્ટ અંતર્ગત હાઈડ્રો પાવર સ્ટેશન, ડેમ સાઈટ, કેનાલ સાઈટ, વિંધ્યાચળ પર્વતમાળા અને વન્યજીવો તેમજ ડેમ બાંધવાના નિર્માણ સંબંધિત માહિતી પ્રાપ્ત કરી નિર્માણાધિન સરદાર પટેલની દુનિયામાં સૌથી ઊંચી બ નનાર પ્રતિમા કે જેની કામગીરી વિશે રસપ્રદ બાબતો વિદ્યાર્થીઓએ જાણી હતી.

ઉપરાંત આણંદ ખાતે કાર્યરત એશિયાની સૌથી મોટી ડેરીની મુલાકાત પણ વિદ્યાર્થીઓએ લીધી હતી. ડેરીના ઈતિહાસથી માંડીને હાલમાં ચાલતી વિવિધ પ્રોડ્ક્ટ્સની કામગીરી નિહાળ્યા બાદ વિદ્યાર્થીઓએ ડેરીની ચોકલેટ્સ અને આઈસક્રીમનો આનંદ પણ માણ્યો હતો.

# આર એન પટેલ શાળાની વિદ્યાર્થીનીઓ કાંકરિયાના શૈક્ષણિક પ્રવાસમાં જોડાઈ

## કિડ્સ સિટીના માધ્યમથી વિદ્યાર્થીનીઓએ વિવિધ નાગરિક સેવાઓની પ્રેક્ટિકલ માહિતી મેળવી

ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૪,૫ની કુલ ૧૮૨ વિદ્યાર્થીનીઓ તાજેતરમાં કાંકરિયાના શૈક્ષણિક પ્રવાસમાં જોડાઈ હતી.

આ પ્રવાસ દરમિયાન જ્ઞાન સાથે ગમ્મત પ્રાપ્ત થાય તેવાં માછલીઘર, પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લીધી તેમજ અટલ એક્સપ્રેસ ટ્રેન અને બોટીંગની પણ મજા માણી હતી. સૌથી વધુ મજા વિદ્યાર્થીનીઓને 'કિડ્સ સિટી'માં આવી, જ્યાં ૧૦૮ સુવિધા, પોલીસ સ્ટેશન, કોર્ટ, ફાયર સર્વિસ વગેરેનું પ્રેક્ટિકલ જ્ઞાન તેમણે મેળવ્યું હતું અને જ્ઞાનમાં વૃદ્ધિ થાય તેવા પ્રયાસો કર્યા હતા. સૌએ સાથે મળીને બપોર અને સાંજના ભોજનનો આનંદ પણ માણ્યો હતો.

# ખેલ મહાકુંભમાં જિલ્લાકક્ષાની હૉકી સ્પર્ધામાં ચૌધરી કન્યા વિદ્યાલય વિજેતા

ગાંધીનગર, તા. ૨૩

ખેલ મહાકુંભ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા પરિસર, સૅક્ટર-૧૫ ખાતે જિલ્લાકક્ષાની હૉકી સ્પર્ધા તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં સૅક્ટર-૭ ખાતે કાર્યરત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ)ની વિદ્યાર્થીનીઓ જુનિયર અને સિનિયર સ્પર્ધામાં પ્રથમ સ્થાને વિજેતા બની હતી. આ વિદ્યાર્થીનીઓ હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

જુનિયર ટીમમાં રિયા, વંદના, શ્રેયા, અશ્વિના, ભારતી, મનીષા, ખુશી, અસ્તિમા, માધવી, કાજલ, ઈલ્મા તથા સિનિયર ટીમમાં નીતા, કીર્તિ, જલ્પા, કાજલ, પિંકલ, ધરતી, અનુરાધા, નિકીતા, આરતી, ભાવિશા, રીના, પ્રિયા, કાજલ, શીતલ, નિમિષા અને આંચલ સામેલ હતાં. આ સર્વ વિદ્યાર્થીનીઓને શાળાનાં આચાર્ય સંતોકબેન, વ્યાયામ શિક્ષક વિનાક્ષીબેન, લીલાબેન, હેતલબેને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.



શ્રી કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્તા, સૅક્ટર-૧૨, ગાંધીનગરના સહયોગથી ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા 'પેપ ટેસ્ટ' (મહિલાઓના ગર્ભાશયના સંભવિત કેન્સરના આગોતરા નિદાન)નું વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્સર પીડિત દર્દીઓ માટે રક્તદાન શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં સમાજભાવકોએ આ ઉપક્રમોનો લાભ લીધો હતો.

## વનવાસી વિસ્તાર ભિલોડામાં

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તાર ભિલોડા તાલુકાના ગોઢ ગામની પ્રાથમિક શાળા પાસે ૪ અલગ અલગ ગામોથી એકત્ર થયેલાં ૬૪ જેટલાં નિરાધાર બહેનોને ૩ કિગ્રા ચોખા, શુદ્ધ ઘીનો મોહનથાળ તથા નવી સાડી ભેટમાં આપવામાં આવી હતી. સૌને ગળ્યો નાસ્તો પણ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ સદ્રેશ્વર મહાદેવ, શામળાજી ચાર રસ્તા પાસે એકત્રિત ૩૯ બહેનોને ચોખા તથા મોહનથાળનાં પૅકેટ્સ આપ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે નિયત તારીખ, સમય, સ્થળે સૌ જરૂરિયાતમંદો એકત્ર થાય છે. તેમને આપેલાં કાર્ડ પણ તેઓ સાથે લાવે છે, જેમાં આગળની તારીખ લખી આપવામાં આવે છે.

સંસ્થા તરફથી વીમા નિયામક કચેરીના નિવૃત્ત નિયામક શંકરભાઈ સોલંકી, ભીમ કદમ, અભિષેક, કમલેશભાઈ, મિલિન્દભાઈ આ સેવાકાર્યોમાં જોડાયા હતા.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# વતન વગરના શ્વાસ પરાયા, વાછરડું શોધે છે ગોધણ !

## સંવેદના
### મારું વતન - વહાલું વતન

બધું જ બદલાઈ ગયું છે અહીં તો! પ્રાણીઓથી માંડીને પ્રકૃતિ સુધ્ધાં બધું જ. હા, અહીંનો ઈતિહાસ રહી ગયો છે પણ ભૂગોળ આખ્ખેઆખ્ખી બદલાઈ ગઈ છે.

હું અજાણ્યો, સાવ અજાણ્યો થઈને ભટકું છું - મારા જ વતનમાં! લોકો કહે છે, 'ભાઈ ! અહીંની માટીમાં સુગંધ રહી નથી. માણસોય બદલાઈ ગયા છે અહીંના. તમે સુખી થૈ ગયા ભાઈ, બહાર ગયા તે !'

મને ગળે ડૂમો ભરાય છે ને હું ભૂતકાળમાં ખોવાઈ જાઉં છું.

ક્યાં છે મારું ઘર, મારું દેશી નળિયાંવાળું ખોરડું? અને ક્યાં છે ભરઉનાળે ટાઢક આપતું મારું ઢાળિયું? એ ઢાળિયે બેસીને જ બાપુ સાથે સમાજવ્યવહારની વાતો વાગોલેલી. પેલી વાડમાંની ખારેકી બોરડીની નીચે પક્ષીઓને પાણી પીવા માટે મૂકેલી મારી ઠીબ કોણ લઈ ગયું, જે મેં સંતાડીને મૂકેલી?

મારા ઘરની કુંભી પરના પેલા પોપટ અને તૂટેલી ચાંચ સાથેનો મોરલો પણ ક્યાં? એય ઝાંખા પડી ગયા છે હવે તો!

ઘર વચ્ચેના ઓરડે પેલા પાટડા પરનાં હીંચકાનાં કડાં અને પેલો અસ્સલ સાગનો હીંચકોયે હવે રહ્યો નથી. બાપુના પગની ઠેસથી કિચૂડ કિચૂડ થતો અવાજ કેવો મધુર લાગતો! તેમના અસ્તિત્વના સાક્ષી સમો એ!

શૈશવકાળનું કોઈ સંભારણુંય રહ્યું નથી, અહીં તો શૈશવકાળ જ આખ્ખેઆખ્ખો રહ્યો નથી પછી હીંચકાના તે વળી શા ઓરતા? અમે ભાઈ-બહેન પિતાજીને વહાલથી 'બાપુ' કહેતાં.

લગ્નના મંગલ અવસરે કંકુ ને ચોખાથી વધાવતી અમારી પેઢી - તેના બેય ખૂણે શુકનની કંકોતરી શોભતી હતી તે પેઢી જ રહી નથી હવે તો! કહે છે કે કોઈનાય ઘરને હવે પેઢી કે છજાં રહ્યાં નથી પછી શ્રાવણનાં નીતર્યાં નીર ઝીલવાની તો વાત જ ક્યાં રહી! હવે એવાં ઝીલનારેય ક્યાં રહ્યાં છે અહીં!

નજીકમાં આવેલી સિવિલ હૉસ્પિટલના કુટીર જેવા નાના નાના ઓરડાઓની જગ્યાએ ઊંચી તોતિંગ બિલ્ડીંગ જ બ ની ગઈ છે અહીં તો ને હવે તો એના ઓરડાયે ઓછા પડે છે. કહે છે કે દવાખાનાએ ઘણો વિકાસ કર્યો છે! શું સમજાય એમાં? એની બાજુમાં આવેલું પેલું નાળિયું અને એની બંને તરફ ઊગી નીકળતાં તે પેલાં આંકલિયાં અને રતનજોતનાં ઝાડવાં યે હવે તો શોધ્યે જડે એવાં નથી, તેની પર તો મકાનો બંધાઈ ગયાં છે ઊંચા ઊંચા!

અમારા ફળિયાને અડીને આવેલું પેલું 'સપઈવગો'નું ફળિયું. ક્યાં ગયું એ? વાર-તહેવારે તાજિયા કે ઈદ, અરે દિવાળી કે બેસતા વર્ષે થતું હિન્દુ-મુસ્લિમ એકતાનું પ્રતીક પણ આજે તો અહીં રહ્યું નથી. કોમવાદના ભરડાએ એને ભડભડ બાળી નાંખ્યું છે ને વસતી ખાલી થઈ ગઈ છે ત્યાંથી.

મારી માની વૃદ્ધ આંગળીઓ થકી પડેલી લીંપણની ઓકળીઓ - છાજલી કે ઝૂલ હું ક્યાંથી જોવા પામું? કાળના પ્રવાહમાં એ તો સ્વપ્નસમી બની ગઈ છે. અને ક્યાં છે પેલો ગોખલો, જ્યાં મા દીવાસળીની પેડીને ભેજથી બચાવવા સંતાડીને ખૂણામાં રાખતી હતી તે? ને પાસે જ ઊંચી એવી દીવી? એય રામ થઈ ગઈ છે હવે તો.

મા કહેતી, 'આપણે ત્યાં ગાયો હતી સોળ જેટલી. દાદા ગોરપદું કરતા. યજમાનના મરણ પછી સરવણી થાય ત્યારે મા'રાજને ગાય દાનમાં અપાતી. એ ગાયો ને આપણું ખેતર ?'ય હતું. નેતરાં ને ઘમ્મર વલોણું, છાશ વલોવવા માટેની મસમોટી ગોળી એ બધું તો મેંય નજરે જોયું'તું. આજે તો એ માત્ર 'હતું' જ બની ગયું છે, એટલું જ આશ્વાસન માત્ર.'

માણસનાં મન બગડ્યાં ને ખેડે એની જમીનનો કાયદો આવ્યો. સિદ્ધાંતનિષ્ઠ બાપુએ કૉર્ટના પાંજરામાં ભીની આંખે કહી દીધું, 'હું બ્રાહ્મણ છું છતાં ભાગિયાને મારી જમીન જોઈએ છે તો હું દાનમાં આપું છું.' ત્યારે કૉર્ટ આખી અવાક જ બની ગઈ હતી!

બા કહેતી, સરકારી રાહે થોડા રૂપિયા વળતર મળેલું તે દહાડે સોળ વીઘાં ક્યારીની જમીનનું! અભિગિયાં અમે, બીજું શું? રાતોરાત અમે ખેડૂત મટી ગયાં, એનો વસવસો તો આજેય રહ્યો છે અમને! આજેય થાય છે, પેલા કવિએ કહ્યું છે તેવું -

વતન વગરના શ્વાસ પરાયા,
વાછરડું શોધે છે ગોધણ!

**- ભાનુપ્રસાદ પુરાણી**

રૂપાલ ગામનું નામ આવતાં જ શ્રી વરદાયિની માતાજી અને વિખ્યાત પલ્લીનું સ્મરણ સ્હેજે થાય. ગુજરાત રાજ્યના ગાંધીનગર જિલ્લાના ઉત્તર છેવાડે રૂપાલ ગામ. એ મારું વતન, જેનું મને ગૌરવ છે. રૂપાલ ગામમાં દરેક કોમની વસતી સુખશાંતિથી રહે છે. ગામ પર માતાજીની અસીમ કૃપા છે. મા જગદંબાના સ્વરૂપ સમા માતાજીના આ સ્થાનકનો ઉલ્લેખ મહાઆરતીમાં રૂપાવટી નગરી તરીકે થાય છે. ઐતિહાસિક મહત્ત્વ કંઈક અનેરું છે. વનવાસ વખતે પાંડવોએ અહીં આશ્રય લીધો હતો અને મંદિરની પાછળના તળાવ પાસે રહ્યા હતા.

નવરાત્રિમાં માતાજીના નોરતાની ભવ્ય ઉજવણી અને સમસ્ત ગ્રામવાસીઓ દિપાવલીની જેમ ઉજવે છે. નોમના દિવસે માતાજીની પલ્લી ૨૭ ચકલાનું પરિભ્રમણ કરી દર્શન આપી શુદ્ધ ઘીના અભિષેક થકી વિધિવિધાન મુજબ પૂજા અર્ચના થાય છે. માતાજીના મંદિર પર મુસલમાનોએ હુમલો કર્યો હતો પરંતુ રાજપૂતોએ સામનો કર્યો હતો. નોરતામાં અને ખાસ કરીને નોમના દિવસે માતાજીના અને પલ્લીનાં દર્શન માટે વિશ્વભરમાંથી અને ભારતભરમાંથી રૂપાલનિવાસી અચૂક આવી લાભ લે છે. શ્રદ્ધાળુઓને માનતા ફળે છે. હજારો મણ શુદ્ધ ઘીનો અભિષેક થાય છે. ગામનો ઈતિહાસ શાસ્ત્રી લાભશંકર એમ ઉપાધ્યાય અને નટવરલાલ એમ શાસ્ત્રી (પંડિતજી)એ તૈયાર કરેલા ગ્રંથમાં છે. જેમાં જગદંબાનું મહત્ત્વ, ગામના પાદરે થયેલું યુદ્ધ, દ્વાપરયુગમાં અહીં પાંડવોનો અજ્ઞાતવાસ જેવી અનેક વિગતો આપેલી છે. માતાજીની પલ્લીમાં બ્રાહ્મણો,વાણિયા, પટેલો, હરિજન, સુથાર, કુંભાર, માળી, ઢોલી, પિંજારા, દરજી વગેરે સમાજનું યોગદાન રહે છે.

રૂપાલના મોટાભાગના મૂળ વતનીઓ ખૂબ આગળ વધ્યા છે. જેમાં શિક્ષણવિદો, મહાનુભાવો, ભારતભરમાં અને વિદેશોમાં પણ રહે છે. સુખ, શાંતિના પ્રતીક સમું છે મારું વહાલું વતન. આરસીસીના પાકા રસ્તા, વીજળી, પાણીની સુવિધા, દવાખાનું, પંચાયત ઘર, શાળા પણ છે.

**- મહેન્દ્ર કે ચૌહાણ**
**સેક્ટર-૧૪**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં મોટામાં મોટી વસતી ધરાવતું મારું ગામ છે. ગામમાં દરેક જાતની વસતી વસવાટ કરે છે. સ્ટેટ વખતનું મહારાજા રૂપસિંહ રાઠોડનું ગામ. હાલ પણ મોયદ વાસ રૂપાજી તરીકે ઓળખાય છે. મારા દાદાના મુખે ચર્ચાયેલ વાત મુજબ વર્ષો પહેલાં મોયદ ગામ ઉપર બાજુના ગામના રાજાએ ચડાઈ કરી, તે ગામના ગોંદરે આવી પહોંચતાં રાજાને ખ્યાલ આવતાં શરીર પર બખ્તર ધારણ કરી ઢાલ, તલવાર લઈ ઘોડા ઉપર સવાર થઈ સેના સાથે આવી ગયા હતા. તાજપુરીના રાજા ચડાઈ કરવા આવ્યા છે એમ જાણી તેમની સામે જ વડલાની વડવાઈ પકડીને ઘોડા સહિત એમણે હિંચકા ખાધા! રાજાની આ હિંમત જોઈને તાજપુરીના રાજા સૈન્ય સહિત પાછા વળી ગયા! હાલ પણ હાથમતી નદી કિનારા ઉપર તાજપુરી અને મોયદ ગામની સરહદ બંધાઈ ગઈ છે. દસ હજારની વસતી ધરાવતું મારું ગામ મોયદ રૂપાજી, મોયદનાથાજી, રૂપપુરા-માઢા-કાટવાડની ગ્રામ પંચાયતોમાં વહેંચાઈ ગયું છે. ગામના મોટાભાગના પાટીદારો અમેરિકામાં વસવાટ કરે છે. અલબત્ત, વતન સૌનાં હૃદયમાં વસેલું છે!

**- મહેન્દ્રસિંહ રાઠોડ, સલાલ**

મારું વતન એટલે નાનકડું ગામ - સાયણ. તા. ઓલપાડ, જિ. સુરત.

વતનના નામ માત્રથી મારા સ્મૃતિપટલ ઉપર દૃશ્યોની હારમાળા જીવંત થઈ જાય છે. એ બાળપણના વતનના દિવસો... સરકારી પ્રાથમિક શાળામાં ભણવાનું, ભણવાના સમયે જ આજીવિકા માટે ખેતરેથી કેળાંની લૂમ માથા ઉપર મૂકીને ૧૦ પૈસા મજૂરી મેળવવી, સ્ટેશન ઉપર પાંચ પૈસા પાણીના ગ્લાસના, માટલીનું ઠંડું પાણી... દિવસે ભણી રાત્રે લાઈટના અજવાળે લેસન કરવું... વતનમાં આમલી-પીપળી, આંબાવાડિયામાં રમવું કે ઉકાઈ જળાશયની નહેરમાં ન્હાવું... વગર ટિકિટે ટ્રેનમાં મુસાફરી કરવી... આવી અનેક આનંદની પળો આજે પણ યાદ આવે છે ને વતનનું વહાલ મનમાં ઊભરાઈ આવે છે.

વતનથી ૧૪ કિમી સાયકલ ઉપર કૉલેજ જતાં એ દિવસો... ચોમાસાની ઋતુમાં તાપી નદીના બ્રિજની બાજુમાં પાણીમાંથી પસાર થવું, ચાલીને કૉલેજ જવું... વતન અત્યારે પણ એટલું જ વહાલું લાગે છે.

વતનમાં બગીચો તો હોય નહીં પરંતુ હવા ખાવાનું સ્થળ એટલે રેલવે સ્ટેશન ઉપરનો પ્લેટફોર્મ વચ્ચેનો લોખંડનો બ્રિજ! વતનના મારા પ્રાથમિક શિક્ષક અત્યારે ૯૪ વર્ષની વયે મળે ત્યારે નતમસ્તકે તેમને પ્રણામ કરી વતનને પ્રણામ કર્યાનો આનંદ મેળવી લઉં છું! વતનની વહાલપ જ કંઈ ઓર છે!

**- સતીશ ટી પટેલ**
**સેક્ટર-૪ સી**

મારો જન્મ તો કરાંચીમાં થયો પણ હિન્દુસ્તાનમાં ૧૯૪૬-૪૭માં પરત ફર્યા, ધંધુકા તાલુકાના રોજકા ગામે સ્થાયી થયા. અમારું મૂળ વતન અમારા વડવાઓ વસ્યા તે રોજકા.

ગોહિલવાડના ભાવનગર સ્ટેટમાં અમને નિરાશ્રિત તરીકે ભારત સરકારે જમીન ફાળવી હતી અને અમે ત્યાં જ સ્થાયી થયા. મોસાળ પણ ભાવનગરમાં જ આથી જે ધરતીએ અમને વસવાટ માટે પગ મૂકવાનો અબાધ અધિકાર આપ્યો એ જ ભાવનગરને મેં મારૂં વતન માન્યું છે.

પિતાની કર્મભૂમિ ખેડા જિલ્લામાં અને અનેક નાનાં-મોટાં ગામ-પરગામ રહી, જેથી મારે અભ્યાસ અલગ-અલગ સ્થળોએ કરવો પડ્યો. છતાં મને વૅકેશનમાં તો ભાવગરનું જ આકર્ષણ રહેતું. ઉનાળાનું વૅકેશન પડવાની હું ને મારા ભાંડુઓ ચાતકની જેમ રાહ જોતાં. એય મજાની છુક-છુક ગાડીમાં બેસવાનું, રેલસના પાટા પાસેથી પસાર થતાં લીલાંછમ ખેતરો, પ્રકૃતિ ને રમણીય સ્થળો જોતાં જોતાં ભાઈ-ભાંડુઓ હારે અંતકડી, જોડકણાંની મોજ માણવાની ને વળી ક્યારેક રેલગાડી લાંબા સમય માટે થંભી જાય ત્યારે બગાસું, કંટાળો પણ આવતો, છતાં ગાડીમાં મુસાફરી કરવી એ ભાવેણા ભાવનગરનું સંભારણું બની રહેલું.

ગાડીમાંથી બેસી બીજી ગાડી (ઘોડાગાડીમાં-ટપ્પામાં)માં બેસવાનું. ઊભી બજાર વટાવતાં ઘોડાની નાળનો તબડાક તબડાક અવાજ વળી ગાડીવાળાના ચાબુકનો અવાજ સાંભળવો પણ અનેરો હતો, લ્હાવો હતો.

ભાવનગરની મહેમાનગતિ પણ અનેરી, એવી વહાલી લાગે કે હમણાં ભાવેણાની ધરતીને ચુમી લઈએ! મામા-માસી, નાના-નાની વાટ જોતાં ઊભાં જ હોય. બા-દાદાનો જાણે વર્ષો પછી ભેટો થયો હોય એવો અહેસાસ થતો ને જાણે દાદા-દાદીને ભટી પડીએ એમ થાય! ભાવેમું જોઈ હર્ષનાં આંસુ આવી જાય! ભાવનગરની મજા તો ત્યારે આવતી જ્યારે સૌ બદામડીના પાનમાંથી પતરાળાં બનાવતાં અને એ પડિયા-પતરાળામાં ભોજન કરતાં. આખો દિ ધિંગા-મસ્તી, ઘરમાં જ પાણીનો હોજ એટલે એમા ધૂબાકા ખાવાના, છબછબિયાં કરવાનાં!

નીલમબાગ પેલેસ, તખ્તેશ્વરની ટેકરી, ગાંધીસ્મૃતિ, શિશુવિહાર, બોરતળાવ, ગંગાજળિયા તળાવ, ઘોઘા સર્કલ જેવાં અનેક સ્થળો ભાવનગરની ઓળખ. ઘોઘા સર્કલે હજુય ઘોડાગાડીની મજા માણી શકાય છે. ભાવનગરે કંઈ કેટલાય લેખકો-કવિઓ આપ્યા. અહીં ખોડિયારની આસ્થા પણ અકબંધ છે.

વહાલું વતન હાં, વહાલું વતન હાં, વહાલું વહાલું રે મને લાગે વતન હાં.....

જેની માટીથી મારી કાયા ઘડેલી, તેને કરું છું હું કોટિ કોટિ નમન હાં...!

**- કોકિલા જયપ્રકાશ ભટ્ટ**
**સેક્ટર-૮ બી**